# ઉમરપાડા તાલુકાનો રાજકીય ઈતિહાસ

ડૉ.કે.જી.પટેલ,ઈતિહાસ વિભાગ,એમ.એન.કોલેજ,વિસનગર

આઝાદી પહેલાં ઉમરપાડા તાલુકો નવસારી પ્રાંતનો રાની પેટા મહાલ ગણાતો હતો. તે પૂર્વે આ વિસ્તાર સુરતની નવાબીના શાસન હેઠળ હશે. મુઘલ હકૂમત નીચે નામ માત્રની સત્તા હેઠળ હશે. કારણ કે આ વિસ્તાર જંગલ આચ્છાદિત માનવવસવાટ રહિતનો વિસ્તાર હતો. કોઈ મહેસૂલી ઉપજ ન હતી. માનવ વસ્તી હોય તો રાજ હોય. જંગલ પર રાજ કેવું? ગાયકવાડ પહેલાં થવા સ્ટેટ હતું.ડુમખલના ડુમરાજાનું શાસન ચાલતું હતું.વાડી વિસ્તારની દિકરીઓને સાગબારા વિસ્તારમાં પરણાવવામાં આવતી તે જ રીતે સાગબારા વિસ્તારની દિકરીઓને વાડી વિસ્તારમાં પરણાવવામાં આવતી.બંને પ્રદેશો સામાજિક રીતે તથા વિસ્તારની રીતે જોડાયેલા હતા.

ગાયકવાડ સમયનો નવસારી પ્રાંત ૮ મહાલ અને ૨ પેટા મહાલમાં વહેંચાયેલો હતો. વહીવટની સરળતા ખાતર તેની આવી વહેંચણી કરવામાં આવેલી. મહાલ એ આજના તાલુકા જેવો ગણાતો. જે આ પ્રમાણે હતા :(૧) નવસારી (૨) ગણદેવી (૩) પલસાણા (૪) કામરેજ (૫) મહુવા (૬) વેળાછા (૭) સોનગઢ (૮) વ્યારા બે પેટામહાલ (૧) વાંકલ અને **(૨) ઉમરપાડા**

‘તવારીખે નવસારી’ પ્રમાણે નવસારી પ્રાંતની સીમા વિસ્તારમાં ઉત્તરી હદે ભરૂચ અને રાજપીપળાનું સંસ્થાન હતું, દક્ષિણે સુરત જિલ્લો તથા વાંસદાનું રાજ, પૂર્વે ખાન દેશ, પશ્ચિમે સુરત જિલ્લો તથા અરબી સમુદ્ર સુધીની સરહદો નવસારી પ્રાંતની ગણાતી.

ઉમરપાડા પેટા મહાલની ઉત્તરી હદે ભરૂચ અને રાજપીપળાનું સંસ્થાન હતું,દક્ષિણે વાંકલ પેટા મહાલ, પૂર્વે ખાનદેશ તથા પશ્ચિમે અંગ્રેજી વિસ્તારનો વાલિયા પ્રદેશ હતો. એટલે જોઈએ તો તેની ત્રણ બાજુએ અન્ય રાજયોની સરહદી સીમાઓ જોડાયેલી હતી.

જંગલો અને પર્વતોનો આ પટ્ટો કોસંબા–ઉમરપાડા નેરોગેજ રેલ્વેલાઈનથી અર્ધરાસ્તી પ્રદેશ સાથે જોડી વિકાસ માટેની સાનુકૂળતા કરવામાં આવેલી. જે આદિવાસી પટ્ટાને મેદાની પ્રદેશ સાથે જોડી દિર્ઘ દ્રષ્ટિનો પરિચય કરાવેલ છે. આજે પણ આનાથી આગળ સત્તાધીશો જઈ શકયા નથી કે વિચારી શકયા નથી જેમાં વિકાસની ઘણી શકયતાઓ પડેલી છે.

ગાયકવાડી શાસન સ્થાપાયું તે પહેલાં અહી રાજપીપળા સ્ટેટનું શાસન ચાલતું હતું. પિલાજીરાવ ગાયકવાડે ઈ.સ.૧૭૧૯માં રાજપીપળાના રાજાની મિત્રતા સાધી પરવાનગી મેળવી  સોનગઢનો ડુંગર કબજે લઈ ત્યાં કિલ્લો બનાવેલ તેવું તવારીખે નવસારીમાં નોંધ્યું છે. એટલે સોનગઢ સુધી રાજપીપળા સ્ટેટ હશે તો તેમાં ઉમરપાડા આવી જાય. નવસારી પ્રાંતનો ગાયકવાડી શિક્ષણનો ઈતિહાસ વાંચવા માટે‘‘મહારાજા ગાયકવાડ સયાજીરાવ ત્રીજાના સમયનું શિક્ષણ(નવસારી પ્રાંત–ઈ.સ.૧૮૭૫ થી ઈ.સ.૧૯૩૯) વાંચવું.

મેદાનનાં ગામોમાં  વસતિ પ્રજા ‘ઉજળિયાત’ તરીકે ઓળખાતી હતી. જયારે જંગલો અને પર્વતોમાં, ફળિયઓમાં વસતિ પ્રજા તે સમયે ‘કાળી પરજ’ તરીકે ઓળખાતી હતી. તેઓ પ્રાકૃતિક અવસ્થામાં જીવતા હતા. આ આદિવાસીઓ લંગોટિયા, અભણ, પછાત, દારૂ–તાડીના વ્યસનમાં પૂરા ગ્રસ્ત, અતિ અંધશ્રદ્ધાળું, પોલીસની હાજરી માત્રથી ડરનારા.

આદિવાસી પ્રજાની ઘણી જાતો હતી. તે પૈકી નીચે લખેલી ૧૬ જાતો નવસારી પ્રાંતમાં જોવા મળતી હતી. તેમાંયે ઉમરપાડા મહાલમાં વસાવા જાતીની વસ્તી બહુલ હતી.નવસારી પ્રાંત સર્વસંગ્રહ પ્રમાણે ઈ.સ.૧૯૦૧ની વસ્તી ગણતરી પ્રમાણે નીચે પ્રમાણે આદિવાસીઓની જાતિવાર વસ્તી સંખ્યા હતી.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ભીલ | ૧૩૩૯૨ | કોકણા | ૬૪૩૦ | માવચી | ૯૮૭ |
| કોટવાળીયા | ૧૬૧૪ | ધાણકા | ૦૪ | દુબળા | ૩૩૯૩ |
| ઘોડીયા | ૨૪૦૭૧ | નાયક | ૭૧૪૫ | વારલી | ૭૧૨ |
| તવાવીયા | ૧૬ | ગામીત | ૪૯૬૧૨ | કોલઘા | ૬૯૨ |
| કાથોડીઆ | ૫૨૨ | વરણી | ૫૯૮ | | |
| વસાવા | ૯૪૬૫ | ચોધરી | ૩૧૩૫૩ | | |

વસાવા જાતિ ઉમરપાડા તથા સાગબારા  વિસ્તારમાં વસવાટ ધરાવે છે. નવાસરી પ્રાંતમાં ૧૯૦૧ના વસતી ગણતરી પ્રમાણે વાસાવા જાતિની સંખ્યા ૯૪૬૫ હતી.૧૯૦૧ના વડોદરા રાજય દેહજાડા ઉપરથી જાણી શકાય છે કે ઉમરપાડા તાલુકામાં ૧૧ હિન્દુ , ૦૨ આદિવાસી, ૧૨ મુસલમાન,૦ ખ્રિસ્તિ, ૦૩ પારસીની વસ્તી નોંધાયેલી છે.

'વડોદરા રાજય દહજાડો' પ્રમાણે ૧૯૧૧માં ઉમરપાડાની વસ્તી ૨૩૫૫ હતી. તેમાં ૧૨૬૦ પુરૂષ અને ૧૦૯૫ સ્ત્રી હતી. ૨૨ ચો.માઈલનું ક્ષેત્રફળ ધરાવતો હતો. આ પેટામહાલમાં એકપણ કસ્બો ન હતો. વસ્તીનો વસવાટ છૂટે છવાયો હતો. તેમાં ૪૦૩ ઘર હતાં.

ઈ.સ.૧૯૨૧ પછી ઉમરપાડાને માંગરોલ મહાલમાં વિલિન કરી દિધો. બંને પેટામહાલ ઉમરપાડા તથા વાંકલને માંગરોલમાં સમાવી લેવામાં આવેલ. એટલ ત્યાર પછીના આંકડા અલગથી ઉપલબ્ધ નથી.

દારૂ–તાડીને સરકારી કરવેરા, અંકુશવાળી ચીજ બનાવી દેવામાં આવી. ત્યારે આ વિશાળ બજારથી લોભાઈને વાણીઆ, બ્રાહ્મણ, મારવાડી, પારસી, જંગલ કોન્ટ્રાકટર આદિવાસી પ્રજાનું શોષણ કરતા. આ ઉપરાંત કલાલ, જમીનદાર, પોલીસ દ્વારા પજવણી થતી.

ઘરના તમામ સભ્યોને પૂરતા કપડાં પહેરવાના નાણા નહોતા. કપડાં ખરીદવા શાહુકાર પાસે નાણાં માગતા દેવું કરવું પડતું. ને તે દેવામાં જમીન, ગાલ્લી, ગાય, બળદ, ભેંસ વેચાઈ ગયાના પણ દાખલા બનતા.

આદિવાસી પ્રજા જંગલી કહી શકાય તેવી પરિસ્થિતિમાં જીવતી. તેઓ દારૂ પીતા. માત્ર લંગોટી પહેરતા અને માંસ–મચ્છી કે બૂમલા આરોગતા.

તે દિવસોમાં અંધશ્રદ્ધા અને વહેમો ઘણા પ્રચલિત હતા. દેવ–દેવીઓને બકરાં– મરઘાના બલિદાનો ચઢાવાતાં.દરેક ઘરના વાડામાં કોઈને કોઈ સ્થાનક રહેતું. કોઈ માણસ માંદુ પડતું તો ભગત–ભૂવાને બોલાવી લાવતા. દરેક બલી વખતે દારૂ–તાડીનો ઉપયોગ ફરજિયાત ગણાતો.

સોલંકી–વાઘેલા સમય દરમિયાન  ઉમરપાડા સહિત નવસારી પ્રાંત તેમના તાબા હેઠળ હતો. આ શાંતિનો સમય હતો.વાઘેલા વંશનો છેલ્લો રાજા કરણ વાઘેલા થયો. એના વખતમાં દિલ્લીના બાદશાહ અલ્લાઉદ્દીન ખીલજીએ પોતાના સેનાપતિ અલપખાનને ઈ.સ.૧૨૯૭માં ગુજરાત પર આક્રમણ કરવા મોકલ્યો.કરણવાઘેલાની હાર

થઈ છેવટે રાજપાટ છોડી પોતાની વહાલી છોકરી દેવળદેવીને લઈને એકલો નાઠો તે નવસારી પ્રાંતમાં આવેલા સાલ્હેરની પાસેના બાગલાણના ડુંગરોમાં ભરાઈ બેઠો. એની રાણી કમલાદેવી મુસલમાનોના હાથ પકડાઈ,તેને દિલ્લી મોકલી દેવામાં આવી. ત્યાં અલ્લાઉદ્દીન સાથે લગ્ન કર્યું. મુસલમાનોએ ગુજરાત લૂંટી તારાજ કર્યુ. રૈયતને પાયમાલ કરી અને મંદિરોને ઠેકાણે મસ્જીદો ચણાવી. કરણ પાછળ પડેલા મુસલમાન લશ્કરે પાંચ છ વર્ષે તેને શોધી કાઢયો. તેમની સામે લડતાં લડતાં તે મરાયો.ઈ.સ.૧૩૦૪માં તેની છોકરી દેવળદેવીને મુસલમાનો દિલ્લી લઈ ગયા, તેને બાદશાહે પોતાના કુંવર ખિજરખાન સાથ પરણાવી દીધો. આ પ્રમાણે ગુજરાતમાંથી રજપુત રાજયનો અંત આવ્યો.

મુસલમાનોના ત્રાસથી ઈરાન છોડી નાસી છૂટેલા પારસીઓ આઠમી સદીની આખરે સંજાણમાં આવીને ત્યાંના જાદવરાણાના આશ્રયે રહ્યા હતા અને ત્યાં ૩૦૦ વર્ષ સુધી સુખમાં રહ્યા પછી તેમાંના કેટલાક પારસીઓ ઈ.સ.૧૧૪૨ના અરસામાં નવસારીમાં આવીને રહ્યા. તેમનાજ વંશજો હાલના નવસારીના પારસીઓ છે. તેમનાં કેટલાક વેપાર–ધંધા અર્થે નવાસારીના જુદા જુદા મહાલમાં આવીને વસ્યા. ઉમરપાડામાં પણ કેટલાક પરિવાર રહેવા આવેલા.

ગુજરાત ઉપર જીત મેળવી અલપખાન દક્ષિણ તરફ વળ્યો હતો ત્યારે તેણે નવસારી થઈ સંજાણ ઉપર ચઢાઈ કરી હતી. આ વખતે સંજાણના રજપુત રાજાની મદદે ૧૪૦૦ પારસીઓ પોતાના અરદેશર નામના સરદારની આગવાની નીચે મુસલમાનોની સામે થયા હતા.પહેલી લડાઈમાં પારસીઓની જીત થઈ પણ મુસલમાનોના બીજા ધસારા સામે તેઓ ટકી શકયા નહિ. તેમનો સરદાર મરાયો એટલે પારસીઓ પોતાના બૈરાં છોકરાં લઈને નાસી છૂટયા ને પૂર્વ તરફના બાહારૂતના ડુંગરોમાં ભરાઈ ગયા. આ જગ્યાએ ૧૨ વર્ષ રહી ત્યાંથી તેઓ વાસદે ગયા ને વાંસદાના જંગલોમાં ૧૪ વર્ષ રહ્યા પછી નવસારીના પારસીઓએ તેમને પોતાના તરફ બોલાવી લીધા.

દિલ્લીની પાદશાહી ખીલજીવંશમાથી તુઘલખ વંશમાં ગઈ. મહંમદ તુઘલખના વખતમાં ગુજરાતમાં બંડ થયું. તે સમાવવા મહમંદ તુઘલખ સુલતાન પોતે ગુજરાત આવ્યો. બંડખોરોને કડી આગળ હરાવ્યા. એના પછી ફિરોજ તુઘલખ સુલતાન થયો.એણે ઝફરખાન નામના સરદારને ગુજરાતનો સુબો બનાવીને મોકલ્યો. સુલતાનના મૃત્યુ બાદ ઈ.સ.૧૪૦૭માં દિલ્લીથી સ્વતંત્ર થઈ એણે મુઝફફરશાહ નામથી પાટણમાં ગુજરાતની સ્વતંત્ર સલ્તનતની સ્થાપના કરી.[1]

આ સમયમાં સુરત એક નાનું ગામડું હતું. ગોપી નામના એક બ્રાહ્મણ શ્રીમંત વેપારીના ત્યાં વસવા પછી આબાદીમાં વધતું જતું હતું. રાંદેર અને કામરેજ એ વખતે મોટાં શહેર હતાં. ખમરેજમાં તે વખતે એક હિંદુ રાજાનું રાજય હતું તના તાબામાં એ બધો મુલક હતો; પરંતુ મુસલમાનોનું જોર વધતાં એ પ્રદેશ પણ ગુજરાતના મુસલમાન પાદશાહના તાબામાં આવ્યો હતો. સુરતને આબાદ કરનારા ગોપીએ અમદાવાદના પાદશાહને એ શહેરનું નામ સૂર્યપુર રાખવાન વિનંતી કરી પણ તેણે એ હિંદુ નામ નાપસંદ કરી તેને મળતું હાલનું નામ સુરત રાખ્યું.[2]

ગુજરાતના સુલતાન અહમદશાહે ઈ.સ.૧૪૧૧માં અમદાવાદ વસાવી પાટણથી રાજધાની ત્યાં આણી. આ સુલતાને દક્ષિણમાં પોતાની સત્તા જમાવી બાગલાણનો મુલક તાબે કર્યો હતો. ગુજરાતના સુલતાનોમાં મહંમદ બેગડો

[1] Desai Govindbhai Hathibhai, navsari prant sarva sangrah, pg29
[2] Desai Ishvarlal I, Surat sonani Murat pg 5

બહુ પ્રખ્યાત થયો.દરિયામાં લૂંટફાટ કરતા ચાંચિયાઓનો નાશ કર્યા હતો. એ વખતે પશ્ચિમ કિનારા ઉપર પોર્ટુગીઝો બહુ દોર ચલાવતા તેથી તેમની સામે વહાણનો કાફલો મોકલી એણે તેમને વશ કર્યા હતા. દક્ષિણની સવારી વખતે નવસારીના પારસી હાકેમ પાસેથી ૧૪૭૦ માં એણે ખંડણી લીધી હતી.નવસારી પ્રાંત સર્વસંગ્રહ પ્રમાણે ઈ.સ.૧૪૯૮માં વાસ્કોડીગામા નામે પોર્ટુગીઝ વહાણવટી સુરત આવ્યો હતો ત્યારે તેની સાથેના ફિરંગીઓએ નવસારી આવી ત્યાંની પ્રજાને પીડી હતી તે વખતે ફિરંગીઓ અને પારસીઓને જબરી લડાઈ થઈ હતી .

બહાદૂરશાહના વખતમાં ગુજરાતની મર્યાદા ગુજરાતના અમદાવાદ,પાટણ, વડોદરા,ભરૂચ, રાજપીપળા, સુરત, ચાંપાનેર એ પ્રાંતો ઉપરાંત જોધપુર, ઝાલોર, નાગોર, શિરોહી, ડુંગરપુર, વાંસવાડા અને દક્ષિણ તરફ ખાનદેશ, બાગલાણ, કોંકણ, જંજીરા, મુંબઈ,વસઈ, દમણ ને પશ્ચિમમાં કચ્છ સુધી હતી.

ઈ.સ.૧૫૭૩માં અકબરે ગુજરાત જીતી લઈને ગુજરાતના સ્વતંત્ર મુસલમાની રાજયોનો અંત આણ્યો, ત્યાર પછી મોગલ સુબાઓ ગુજરાતમાં રાજય કરવા આવતા. તેમાંના કેટલાક સુબાઓ સ્વતંત્ર થતા ને ઘણી વખત પ્રથમના સુબાને સત્તા છોડવી ગમતી નહિ ને નવો સુબો સત્તા લેવા આવતો તેથી તે સુબા સામ સામે લડતા. આવી લડાઈઓ હમેશા ચાલ્યા કરતી. તેથી પ્રજા દુ:ખી થતી. આવા અંધાધૂંધીના સમયમાં કેટલાક ઠેકાણે સુબાઓ સ્વતંત્ર નવાબ થઈ પડયા હતા. આવી રીતે બનેલા ભરૂચના ને સુરતના નવાબોએ નવસારી પ્રાંતના કેટલાક ભાગ ઉપર સત્તા જમાવી હતી.

દિલ્લીની ગાદી પર મુઘલ બાદશાહ ઔરંગઝેબ રાજય કરતો હતો તે વખતે દક્ષિણમાં એક નવી સત્તાનો ઉદય થયો હતો. મહારાજા શિવાજીએ  માવળા વગેરે ડુંગરી લોકોને ભેગા કરી તેમનામાં આર્યધર્મનું અભિમાન ઉત્પન્ન કર્યુ અને પછી તેમનું લશ્કર જમાવી વિજયનગર તથા દિલ્લીના તાબાના મુસલમાની મુલકોમાં લુંટફાટ કરવા માંડી.ઈ.સ.૧૬૬૪માં શિવાજીની નજર ગુજરાત ઉપર પડી. એજ સાલમાં તેમણે સુરત ઉપર સવારી કરીને તે શહેર લૂંટયું. સુરત તથા નવસારી એ વખતે પૂર્ણ જાહોજલાલી ભોગવતા શહેરો હતા. તેથી મરાઠાઓની તેના ઉપર સ્વાભાવિક જ નજર પડી હતી.

સુરતથી આવી શિવાજીએ નવસારી ઉપર ખંડણી બેસાડી હતી પણ રૈયતને કંઈ નુકશાન કર્યુ ન હતું. આ પછી ફરીથી ઈ.સ.૧૬૬૬ તથા ૧૬૭૦માં એમ બે વખત આવીને શિવાજીએ સુરત લૂંટયું હતું. મરાઠાઓની લૂંટથી સુરતના લોકો ત્રાસી ગયા હતા.તેથી જયારે જયારે એવો લૂટનો ભય લાગતો ત્યારે ત્યારે તેઓ નવસારીમાં પોતાનાં સગાંવહાલાંને ત્યાં પોતાની કિંમતી માલમતા મૂકી જતા; પરંતુ મરાઠાઆએ જાણ્યું કે નવસારી પણ સમૃદ્ધ શહેર છ અને સુરતની ઘણી મિલકત ત્યાં જઈને ભરાઈ છે, ત્યારે નવસારી તરફ તેમણે પોતાની નજર ફેરવી. આથી નવસારીને પણ તેમના તરફથી ઘણી પીડા ભોગવવી પડી હતી અને નવસારીના લોકોને પોતાનો માલ બીજે છૂપાવી આવવાની ફરજ પડી હતી. ઈ.સ.૧૬૮૦મા શિવાજીનું મરણ થયું ત્યાર પછી ૧૭૦૨માં મરાઠા સરદારોએ ફરીથી પાછુ સુરત શહેર લૂંટયું હતું. શિવાજીના મરણ પછી પણ મરાઠા સરદારો આવતા અને લૂંટ કરી તથા ખંડણી ઉઘરાવી પાછા જતા. આઠ માસ સુધી તેઓ એ પ્રમાણે કરતા અને ચોમાસુ બેસતાં પાછા પોતાને દેશ જતા રહેતા.

આ સમય દેશમાં અંધા ધૂંધીનો હતો. ઈ.સ.૧૭૦૫થી ૧૭૫૭ સુધીનાં ૫૦ વર્ષમાં મુખ્ય રાજયસત્તા ઘણી નબળી પડી ગઈ હતી. રૈયતને સુખે ઠરી ઠામ બેસવાનું રહયું નહોતું. મરાઠા સિવાય જટ, પિંઢારા અને ગરસીયા લોકો લૂંટફાટ, મારફાડ ને જુલમ કરવામાં બાકી રાખતા નહોતા. તેઓ ગમે તે વખતે ધસી આવતા અને ગામ લૂંટી ચાલ્યા જતા. એક ગામથી બીજે ગામા જતાં રસ્તામાં પણ સલામતી નહોતી. એકલ દોકલ કોઈથી બહાર નિકળાતું

નહિ કે સારે લૂંગડે ફરાતું નહિ. હંમેશાં સૌને પોતાની માલ મિલકત છૂપાવી રાખવી પડતી. ઠગ લોકો અનેક પ્રકારની છેતરપિંડી કરી લોકોને ફસાવતા તથા મારી નાખી તેમનો માલ લૂંટી લેતા. ખાનદેશ તરફથી ૧૮૧૩માં પિંઢારા નવસારી આવી કસ્બો લૂંટી ચાલ્યા ગયા હતા. તેઓ જયારે ગામમાં ઘાડ પાડતા ત્યારે અનેક પ્રકારનો જુલમ કરતા. લોકોને કાપી નાખતા, ઘરો બાળતા, સ્ત્રીઓની આબરૂ લેતા, ઘોડાઓના મોઢા આગળ અનાજની કોઠીઆનાં મોંઢાં ઉઘાડી નાખતા અને સાળ ઉપર વણવા ચઢાવેલું કાપડ શુદ્ધાં ફાડીને ખરાબ કરી નાખતા અને પછી માલ મત્તા લૂંટી ચાલ્યા જતા. ગરાસીયાઓનો જુલમ આથી પણ જુદા પ્રકારનો હતો. તેઓ લોકોને છીંકતા દંડતા, એટલે કે ગમે તેવું ખોટું બહાનું કાઢીને લોકોની પાસે પૈસા માગતા અને ગરાસ બંધાવી લેતા. કોઈ કોઈ વખતે તો કોઈના આંગણામાં ગમે તેવી ખરાબ ચીજ કે કચરો ગરાસીયો નાખી જાય તે જાણે અનામત મૂકી હોય તેમ સાચવવાની ઘરધણીને ફરજ પડતી. પછી જયારે તે પાછી લેવા આવે ત્યારે પાછી આપવી પડતી. જો પાછી ન સોંપી શકાય તો ગરાસીયો તોફાન કરતો. એટલે પછી તે જે નુકસાની માગે તે આપવી પડતી. આવી સ્થિતિમાં પ્રજા તદ્દન ત્રાસી ગયેલી.

ગુજરાતમાં ગાયકવાડી શાસનના સ્થાપક તરીકે પિલાજી ગાયકવાડ જાણીતા છે. મહારાજા શાહુંના સેનાપતિ દાભાડે સાથે બાલાપુરની લડાઈ(૧૭૨૦)માં દામાજીરાવ ગાયકવાડે અપ્રતિમ શૌર્ય દાખવી મરાઠાઓને જીત અપાવી. આના વખાણ સેનાપતિ દાભાડેએ મહારાજા શાહું આગળ કરતાં શાહું મહારાજાએ સેનાપતિ દાભાડેથી થોડો ઉતરતા કક્ષાનો હોદ્દો દામાજીને આપ્યો. સાથે ''શમશેર બહાદૂર''નો ખિતાબ આપ્યો.દામાજીના મૃત્યુ પછી તેમને પુત્ર ન હોવાથી તેમના દત્તક પુત્ર અને ભત્રીજા પિલાજી ગાયકવાડને આ પદવી મળી. તેમના મૂળ પુરૂષ નંદાજી રાવ દાવડી ગામના વંશપરંપરાગત પાટિલ હતા. કિલ્લાનું નાનું બારણું ખોલી કસાઈવાડે જતી ગાયો બચાવી ત્યારથી અટક પડી ગાયકવાડ.

તે વખતે સોનગઢ મહેવાસી ભીલ લોકોના તાબામાં હતું. તેમની પાસેથી પિલાજીરાવે ઈ.સ.૧૭૧૯માં રાજપીપળાના રાજાની મિત્રતા સાધી પરવાનગી લઈ તેનો ડુંગર કબજે લઈ ત્યાં કિલ્લો બનાવ્યો. એજ ગાયકવાડ સરકારની ગાદીનું મૂળ સ્થાન છે. સોનગઢ ગાયકવાડની રાજધાની તરીકે ઈ.સ.૧૭૬૬ સુધી રહ્યું.

પિલાજીરાવના પુત્ર દામાજીરાવ અને બાજીરાવ પેશ્વા વચ્ચે લડાઈ થઈ તેમાં પેશ્વાની હાર થઈ. ફરી ભીલપુર આગળ લડાઈ થઈ તેમાં ત્રંબકરાવ દાભાડેનું મરણ થયું. ઈ.સ.૧૭૩૧માં પેશ્વાની સત્તા મરાઠા પર માત્ર નામની જ રહી. આ લડાઈમાંથી પરવારી પેશ્વા સતારે ગયા. પરંતુ લડાઈથી તેમને સામાવાળાની ભારે દહેશત જણાઈ તેથી તેમને શાંત પાડવાને મરનાર ત્રંબકરાવ દાભાડેની જગ્યા તેના બાળપુત્ર જશવંતરાયને આપી. તેની માને તેની વાલી નીમી પિલાજીરાવ ગાયકવાડને તેના મુતાલીક ઠરાવી શમશેર બહાદૂરના ઈલકાબ ઉપરાંત''સૈના ખાસ ખેલ''નો ઈલકાબ પિલાજીરાવને વધારી આપી ગુજરાતનો તમામ વહીવટ બાળસેનાપતિ વતી પિલાજીરાવને સોપ્યો. તેમના પુત્ર દામાજીરાવ બીજાના સમયમાં રાજધાની અણહીલ પાટણમાં ખસેડવામાં આવી. ઈ.સ.૧૭૩૪માં શેરખાન બાબી પાસેથી વડોદરા લઈ લીધ. ત્યાર પછી થોડે વર્ષે બાપુજી નાયકે સોનગઢ ઉપર હલ્લો કરી કિલ્લો બાળી નાખ્યો. પરંતુ રંગોજી આવી પહોંચતાં તેને પાછા જતું રહેવું પડયું. ઈ.સ.૧૭૫૧માં તારાબાઈએ પોતાના સગીર પુત્ર રાજારામનું રક્ષણ કરવા દામાજીને પુને બોલાવ્યા. તે ઉપરથી તે ૧૫૦૦૦ માણસનું લશ્કર લઈને ત્યાં ગયા. તેમની સામે પેશ્વાનું ૨૦૦૦૦નું લશ્કર થયું પણ તેનો પરાભવ કરી દામાજી તારાબાઈને જઈ મળ્યા. પેશ્વાએ દામાજી પાસેથી ગુજરાતનો અડધો ભાગ માગ્યો, ત્યારે તેમણે કહયું કે હું તો ફકત સેનાપતિનો નોકર છું. તેથી મારાથી કંઈ

આપી શકાય નહીં. આથી પેશ્વાએ કપટથી દામાજીને પકડીને કેદ કર્યા અને ૫ છી ૧૫૦૦૦૦૦ રૂપિયા દંડ અને ૧૦૦૦૦ ઘોડેસ્વાર પેશ્વા માગે ત્યારે આપવાની શરતે છોડયા.

આ પછી ગાયકવાડ સરકાર અને પેશ્વા વચ્ચે ગુજરાતના મુલકની વહેંચણી થઈ, તેમાં સુરત અઠાવીસીનાં એટલે કે હાલનાં સુરત જીલ્લા અને નવસારી પ્રાંત પૈકી નીચેનાં પરગણાં ગાયકવાડના ભાગમાં આવ્યા. વસરાવી, માંડવી, તડકેશ્વર, કામરેજ, ચોર્યાસી, બલેશ્વર, કડોદ, ટીંબા, તેલાડી, મરોલી, ઘળા, નવસારી, ગણદેવી, બિસનપુર, મહુવા, અનાવલ, ખંડોળ, પેટા મહાલ વાકલ અને ઉમરપાડા( ૬૦૦૦રૂ.આવક ઘરાવતો પ્રદેશ),મ્હસ્ત્રત, રાજપીપળા(પાંચ પરગણાં) મળેલાં.

ત્યારથી વિલીનીકરણ સુધી વડોદરા ગાયકવાડના તાબે રહ્યું. પાટણ પછી રાજધાની વડોદરામાં ખસેડવામાં આવી. ત્યાંથીજ ગાયકવાડી શાસનના અંત સુધી વહીવટ ચાલ્યો.

ઈ.સ.૧૭૨૧ થી ઈ.સ.૧૯૪૯ સુધી વડોદરા રાજયમાં ગાયકવાડ વંશના જુદા–જુદા સમય માટે ૧૩ રાજાઓએ શાસન ચલાવ્યું. પ્રથમ પિલાજીરાવ ગાયકવાડથી લઈને છેલ્લે ભારતસંઘમાં વિલિનીકરણ થયું ત્યાં સુધી પ્રતાપસિંહ વચ્ચે બીજા અગિયાર રાજા થઈ ગયા. તેમાં સૌથી વધ સમય શાસન ધરા સંભાળનાર પ્રતાપી રાજવી હતા સયાજીરાવ ત્રીજા. તેમના શાસનનો સમય ગાળો ઈ.સ.૧૮૭૫ થી ઈ.સ.૧૯૩૯ સુધી ચાલ્યો. સૌથી વધ અસરકારક અને પ્રભાવી શાસન તેમનું રહ્યું. શિક્ષણના પ્રચાર અને પ્રસાર માટે સૌથી વધ તેમનેજ પ્રયત્નો કર્યા. તેઓ મહાન કેળવણીકાર અને શિક્ષણ પ્રેમી હતા.

ઈ.સ.૧૮૬૫ સુધી નવસારી ઈજારાશાહી હતી. મુખ્ય ઈજારદાર શ્રીમંત શાહુકાર ગોપાલરાવ મૈરાબવાલા હતા. ૮ મહાલ મળી ૩ વિભાગ પાડવામાં આવેલ.

(૧) નવસારી વિભાગ : નવસારી, ગણદેવી

(૨) કામરેજ વિભાગ : કામરેજ, પલસાણા, વેળાછા

(૩) વ્યારા વિભાગ : વ્યારા, સોનગઢ, મહુવા

વિભાગનો ઉપરી નાયબ સુબો હતો. ગામડાનો ઉપરી પટેલ ગણાતો. જયારે તલાટી ત્યાંનો મદદનીશ રહેતો. નવસારી શહેરને તલ નવસારી કહેતા.

કોસંબામાં કપાસ પીલવાનાં બે ત્રણ કારખાનાં હતા. જેમાં કપાસ પીલાઈને રૂ સુરત તથા મુંબઈ જતુ. ઘમડોદ, વાકલ, ઉમરપાડા, વેળાછા, કોસંબા, ઝંખવાવ રેલ્વેનું એટલાં પોલીસ થાણાં હતાં અને નાની નરોળી, લિબોદ્રા, માંગરોળ, બોરીદ્રા અને ઘોડબાર એટલે સ્થળે પોલીસ ચોકીઓ હતી. તાલુકાની પોલીસ ફોજમાં એક ફોજદાર , છ નાયબ ફોજદાર , બે જમાદાર, ૧૩ હવાલદાર, ૫૬ સિપાઈ,૧ કારકૂન અને બે સ્વાર મળીને ૮૧ માણસો માંગરોળ મહાલ ખાતે રહેતા હતા. ગીજરમ, લવેટ અને ઉમરપાડા ગામે આબકારી ચોકીઓ હતી. દારૂની ૩૭ અને અફીણની ૧૩ દુકાનો હતી.

માંગરોળ તાલુકામાં ઉમરપાડાની ગણના થતી. માંગરોળ તાલુકામાં ૨૦ શાળાઓ હતી.૭ પુસ્તકાલયો હતા. તેમાં વેળાછામાં ગુજરાતી શાળા તથા કન્યા શાળા, નાની નરોલીમાં ગુજરાતી શાળા તથા અંત્યજ શાળા, હથુરણમાં

ઉર્દુ શાળા અને માંગરોળમાં ગુજરાતી શાળા તથા ઉર્દુ શાળા હતી. એ ઉપરાંત કોસંબા ,કોસાડી, કંટવા, તરસાડી, ઘામડોદ ,નંદાવ, પીપોદરા ,મોટીપારડી, લીંબાડા, વાંકલ, અમોદરા, સાવા, અને હથોડા એ ગામોએ એક એક ગુજરાતી નિશાળ હતી. વેળાછા , માંગરોળ , હથુરણ, કુવરદા, પીપોદરા, વાંકલ અને દિણોદ એ ગામોએ પુસ્તકાલયો હતી.

કોસંબા, વેળાછા, માંગરોળ, વાંકલ, સિમોદ્રા અને ઝંખવાવમાં રેલ્વેની તાર ઓફિસો હતી. માંગરોળ ગામે પીર મોટામીયાં ની દરગાહ છે. તેનો ઓરસ દર વર્ષે પાસ વદી બીજ ને રોજ ભરાતો હતો ને તેમાં બે ત્રણ હજાર માણસ ભેગું થતું હતું. તે ઓરસમાં આસપાસના ગામોના લોકો ઉપરાંત સુરત, મુંબાઈ, ભરૂચ, વડોદરા વગેરે સ્થળોએથી પણ ઘણા માણસો આવતા હતા.

## સંદર્ભ ગ્રંથ સૂચિ :–

(૧) ગોવિંદભાઈ હાથીભાઈ,''નવસારી પ્રાંત સર્વસંગ્રહ''વિઠ્ઠલભાઈ આશારામ ઠક્કર, લુહાણા મિત્ર પ્રેસ,વડોદરા–૧૯૨૦

(૨)ભીખાભાઈ સો.પટેલ,''રાજયના આદિવાસી વિસ્તારના સરહદી ગામો–અભ્યાસ,આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર,ગુજરાત વિદ્યાપીઠ,અમદાવાદ

(૩)સો.મ.દેસાઈ,'' તવારીખે નવસારી'',ડૉ.ઘનજીભાઈ હોરમસજી મહેતા,નવસારી–૧૯૩૯

(૪) દેસાઈ ઈશ્વરલાલ આઈ.,''સુરત સોનાની મુરત''

(૫) કે.જી.પટેલ,''મહારાજા ગાયકવાડ સયાજીરાવ ત્રીજાના સમયનું શિક્ષણ–નવસારી પ્રાંત''૨૦૧૪,વિક્રમ કોમ્પ્યુટર,અમદાવાદ

(૬) સુરત સેન્સસ રીપોર્ટ–૨૦૧૧

(૭) ગેઝેટીયર ઓફ બોમ્બે પ્રેસિડેન્સી

(૮) ગેઝેટીયર આફ મહારાષ્ટ્રા

(૯) વિકીપીડીયા

(૧૦) રૂબરૂ મૂલાકાતો